**આવકવેરા એક્સેલ શીટ 2025-26 બાબતે સુચનાઓ :-**

જગતીયા રજનીકાંત એમ

આચાર્યશ્રી ડો. ઉચ્છરંગરાય ઢેબર પ્રાથમિક શાળા નં. 90

નમસ્કાર મિત્રો ....

- (1) આવકવેરા એક્સેલ વર્ષ 2025-26 એક્સેલ શીટ ગુજરાતી ઈન્ડીક ફોન્ટ ફોર્મેટમાં તૈયાર કરવામાં આવી છે તેથી હવે કોઈને ફોન્ટ પ્રોબ્લેમ આવશે જ નહી .

- (2) વિકલ્પ -1 :- જૂના કર માળખા મુજબ ( OLD TAX REGIME ) અને વિકલ્પ -2 :- નવા કર માળખા મુજબ ( NEW TAX REGIME ) બંને વિકલ્પની એક્સેલ શીટ અલગ અલગ શેર કરી છે તથા જે તે વિકલ્પની એક્સેલ શીટમાં તેનું વિકલ્પ ફોર્મ પણ Sheet સ્વરૂપે મુકેલ છે જેમાં માહિતી ઓટોમેટીક ફિલ અપ થઈ જશે

- (4) તમારી પગાર -કપાત અનુસાર INCOMETAX નો ક્યો વિકલ્પ ફાયદાકારક છે તે ચેક કરવા માટેની CALCULATER એક્સેલ શીટ પણ આ સાથે જ વેબસાઈટ પર અપલોડ કરેલ છે તે પણ ડાઉનલોડ કરી લેવી ત્યારબાદ એ એક્સેલ શીટ ખોલી તે એક્સેલ શીટમાં ઉપર આપેલી ખાસ નોંધ વાંચીને જ એ CALCULATER એક્સેલ શીટ ઉપયોગ કરવો

- (4) આ જેતે વિકલ્પની આવકવેરા એક્સેલ શીટમાં માત્ર "ANEXER" અને "DETAILS" નામની શીટમાં માહિતી ભરવાથી બાકીની તમામ શીટ એટલે કે "VIKALP FORM" , "INCOMETAX CALCULATION" , "DECLARATION" , "FORM NO.16" માં માહિતી આપમેળે ભરાઇ જશે.
- (5) સૌપ્રથમ "DETAILS" નામની શીટમાં લીલા રંગ ના ખાનાની જ લાગુ પડતી માહિતી અંગ્રેજી કેપીટલ અક્ષરમાં કે અંકમાં ભરવી. ન લાગુ પડતી વિગતના ખાનામાં " શુન્ય" મુકવું.
- (6) જો તમે મકાનભાડુ ચુકવતા હોય તો વાર્ષિક ભાડાની રકમ "DETAILS" નામની શીટમાં આપેલ ખાનામાં પુરવી.અને ખાસ ( બંને વિકલ્પમાં) માત્ર અંધ અને દિવ્યાંગ ને જ ટ્રાંસપોર્ટ એલાઉંસની 38400 ની વાર્ષીક રકમ જ બાદ મળવાપાત્ર હોવાથી તેના ખાનામાં YES કે NO લખવાનું ભુલવુ નહી
- (7) વિકલ્પ- 2 નવા કર માળખામાં માત્ર દિવ્યાંગ માટેના ટ્રાન્સપોર્ટ એલાઉન્સની માત્ર એક જ કપાત મળવાપાત્ર છે બાકીની કોઈ કપાત મળવાપાત્રનથી તેથી વિકલ્પ- 2 માં જે શીટમાં જે કપાત મળવાપાત્ર નથી તે કપાતના ખાનામાં 00 મૂકેલું જ હસે. ત્યાં કોઈએ રકમ દર્શાવવી નહિ. છતાં કોઈ જાણી જોઈ ને આવું કરશે તો ભૂલ આવશે અને રીટર્ન ફાઇલ કરતી વખત પ્રોબ્લેમ થસે.......

- (8) બંને વિકલ્પ માં "ANEXER" નામની શીટમાં ઉપર શાળાનું નામ( એડ્રેસ સાથે ),કર્મચારીનું નામ, હોદો, તેમજ કોષ્ટકમાં કુલ પગાર, ગ્રોસ પગાર, કુલ કપાત, નેટ પગારની કોલમમાં ફોર્મ્યુલા મુકેલી હોવાથી આ કોલમમાં માહિતી પુરવી નહી. મોંઘવારી એરીયર્સની કોલમમાં જે માસમાં એરીયર્સ પેઇડ થયુ હોય તે માસમાં રકમ મુકવી. આ સીવાયની કોલમમાં લાગુ પડતી માહિતી પુરવી.બીનજરુરી ખાનામાં " શુન્ય" મુકવું.............................. "મકાન લોન પ્રિંન્સી." અને "મકાન લોન વ્યાજ" નામની કોલમમાં હોમ લોનના હપ્તા પગારબીલેથી કપાતા હોય તો જ માહિતી પુરવી. પગારબીલેથી ન કપાતી હોય તે હોમલોન પ્રિન્સી. અને વ્યાજની રકમ "DETAILS" નામની શીટમાં
  હોમ લોન – સીધી ચુકવણીના ખાનામાં પુરવી.

- (9) "મોંઘવારી એરીયર્સ" ના કોલમમાં આખા વર્ષમાં જેટલી વખત મોંઘવારી એરીયર્સ જે માસમાં પેઇડ થયુ હોય તે માસના સેલમાં જ એન્ટર કરવુ
- (10) આ સીવાયના કોલમમાં પગારબીલેથી મંજુર થયેલ અન્ય બીલ ( G.P.F. ઉપાડ સીવાય ) ની રકમ જે તે પેઇડ માસમાં વધારાની કોલમમાં દર્શાવી શકશો.
- (11) FORM-16 માં કચેરી અધીકારી ( એટલે કે નોકરીદાતાની વિગત) K કોલમમાં માહિતી એન્ટર કરવી જે ફોર્મ નં 16 માં ઓટોમેટીક આવી જસે, .
  બાકીની તમામ વિગતના સેલમાં માહિતિ ફોર્મ્યુંલાને લીધે ઓટોમેટીક આવી જશે.

- (12) “VIKALP FORM” ,“INCOMETAX CALCULATION” , “DECLARATION” , “FORM NO.16” નામની શીટમાં જે માહિતિ ફોર્મ્યુલાને લીધે ઓટોમેટીક ન આવે તેમાં મેન્યુઅલી મહિતિ એન્ટર કરી શકાશે.

ખાસ નોંધ :- (1) ઉપરોક્ત બંન્ને શીટમાં માહિતી પુરતી વખતે જે ખાનામાં ફોર્મ્યુલા નાંખેલી હોય તેમાં માહિતી ન પુરવી

(2) “VIKALP FORM” “INCOMETAX CALCULATION” , “DECLARATION” ,“FORM NO.16” ની પ્રિન્ટ કોપી A4 માં સેટ કરેલી છે જેથી A4 કાગળમાં પ્રિન્ટ કાઢવી.

વધુ માહિતિ કે પુછપરછ માટે સંપર્ક કરો :-

જગતિયા રજનીકાંત એમ. M :- 9714646456 ( whats app )

M :- 8200681148

( જો ફોન ના ઉપડે તો whats app મેસેજ કરી દેવો)